# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**

**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/પ્રવેશ/મપસ/૨૦૧૭/૬૫૭૯.

તા.૨૩/૦૮/૨૦૧૭

## પરિપત્ર-૩૧૪

વિષય: બી.એડ્. અભ્યાસક્રમમાં સેમેસ્ટર-૧માં બાકી રહેતી ખાલી બેઠકો માટેની પ્રવેશ પ્રક્રિયા બાબત.

શ્રી ગોવિદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણ વિદ્યાશાખાની તમામ બી. એડ્. કોલેજોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૯ માટે સેમેસ્ટર-૧ માં પ્રવેશ પ્રક્રિયા માટેના બીજી કામચલાઉ કૉલેજ એલોટમેન્ટના અંતે હજુ પણ કેટલીક બેઠકો ઉપલબ્ધ રહેલ છે. કૉલેજ અને વિષય વાઈઝ ખાલી બેઠકોની વિગત આ સાથે પરિશિષ્ઠ-૧ તરીકે સામેલ રાખેલ છે જેથી ખાલી બેઠકો પર પ્રવેશ ફોર્મ ભરેલ હોય તથા પ્રવેશથી વંચિત રહેલ તેવા વિધાર્થીઓને મેરીટના આધારે પ્રવેશ આપવાની સંલગ્ન કોલેજોને આદેશ અનુસાર સત્તા આપવામાં આવે છે. આ માટે દરેક બી.એડ્. કોલેજે નીચેની બાબતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧. સંબંધિત કોલેજોએ તા. ૨૪/૦૮/૨૦૧૭ થી તા. ૨૯/૦૮/૨૦૧૭ સુધીમાં વિદ્યાર્થીઓ પાસેથી કોલેજ કક્ષાના પ્રવેશ માટેનું આવેદનપત્ર (આવેદનપત્ર આ સાથે સામેલ રાખેલ છે) સ્વીકારી, એન.સી.ટી.ઈ./યુનિવર્સિટી દ્વારા મંજુર થયેલ કુલ/વિષયવાર ઇન્ટેક સંખ્યાથી વિધાર્થીઓ વધે નહિ તે રીતે મેરીટના આધારે પ્રવેશ આપવાનો રહેશે.

૨. જે વિદ્યાર્થીઓએ અગાઉ પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશથી વંચિત હોય અથવા જેમના પ્રવેશ રદ્દ થયેલ હોય તે વિદ્યાર્થીઓ પોતાના રજીસ્ટ્રેશન નંબરના આધારે પસંદગીની કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે સામેલ નમુના મુજબનું આવેદનપત્ર ભરી શકશે.

૩. પ્રવેશ આપતી વખતે રાજય સરકાર દ્વારા UGC/યુનિવર્સિટીની અનામત નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૪. જે વિષયના માન્ય અધ્યાપક હોય તે જ વિષયમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે.

૫. દરેક કૉલેજે કોઈપણ વિષયમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫% થી વધે નહિ અને માન્ય અધ્યાપકની સંખ્યાના આધારેજ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૬. કુલ ઇન્ટેક સંખ્યા ભરાઈ ગયા બાદ કોઈપણ કોલેજ વધારાના એકપણ વિધાર્થીને પ્રવેશ આપી શકશે નહિ.

૭. મેરીટના આધારે પ્રવેશ મેળવેલ/આપેલ વિધાર્થીઓની યાદી તા. ૨૯/૦૮/૨૦૧૭ ના રોજ કોલેજના નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરી તેની નકલ faculty@sggu.ac.in પર અચૂક મોકલી આપવાની રહેશે.

૮. જે વિદ્યાર્થીઓનો મેરીટમાં સમાવેશ થયેલ છે તેવા વિદ્યાર્થીઓએ તા. ૨૯/૦૮/૨૦૧૭ થી ૩૧/૦૮/૨૦૧૭ સુધીમાં કોલેજ ખાતે માહિતી પુસ્તિકામાં દર્શાવેલ નિયત ફી ભરી તથા ઓરીજીનલ ડોક્યુમેન્ટ જમા કરાવી પોતાનો પ્રવેશ નિશ્ચિત કરાવવાનો રહેશે.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પસ
ગદકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001


૯. સંબંધિત કોલેજએ જે વિદ્યાર્થીને મેરીટયાદી મુજબ પ્રવેશ મળેલ છે તે વિદ્યાર્થીની કૉલેજે તા. ૨૯/૦૮/૨૦૧૭ થી ૩૧/૦૮/૨૦૧૭ સુધીમાં નિયત ફી ભરાવી તથા ઓરીજીનલ ડોક્યુમેન્ટ મેળવીને તેની એન્ટ્રી યુનિવર્સિટીના બી. એડ્. પોર્ટલ પર અચૂક કરવાની રહેશે.

કો-ઓડીનેટર
બી.એડ્./એમ.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી. એડ્. કોલજના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

બિડાણ :

(૧) બી.એડ્. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૯ માટે કૉલેજ કક્ષાએ પ્રવેશ માટેનું આવેદનપત્ર

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા.

## બી.એડ્ અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૯ માટે કોલેજ કક્ષાએ પ્રવેશ માટેનું આવેદનપત્ર

વિદ્યાર્થીનું નામ: ..........................................................................................................................

સરનામું:...................................................................................................................................

મો.નં: ........................................................... ફોન નં: ..................................................

રજીસ્ટ્રેશન નંબર: ........................................................ ઈનવર્ડ નંબર: ...................................

અભ્યાસની વિગત:

| ક્રમ | લાયકાત | યુનિવર્સિટી | મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |

બી.એડ્ અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનો વિષય: ..........................................................

આથી હું ........................................................................................................ ખાત્રી આપું છું કે મારા દ્વારા ઉપર દર્શાવેલ તમામ વિગતો એકદમ સાચી છે. આ વિગતોમાં કોઈપણ ક્ષતિ માલુમ પડશે તો મારો બી.એડ્ પ્રવેશ રદ થવા પાત્ર થશે તથા મારી સામે કોઈપણ પ્રકારના પગલા લેવાશે તો તે મને મંજુરકર્તા રહેશે.

સ્થળ: ....................

તારીખ: / /૨૦૧૭ — વિદ્યાર્થીની સહી

---

## પહોંચ

શ્રી ........................................................................................................................... એ સંસ્થાકીય બી.એડ્ પ્રવેશ માટે ........................................................................... કોલેજમાં ..................................... વિષયમાં પ્રવેશ માટે અરજી કરેલ છે. તેમનો રજીસ્ટ્રેશન નંબર ........................... છે અને તેમનું બી.એડ્. પ્રવેશ માટેનું મેરીટ ...................... % છે. જેના સંદર્ભમાં આ પહોચ તમને આપવામાં આવે છે.

સ્થળ:......................

તારીખ: / /૨૦૧૭ — આચાર્યનો સહી અને સિક્કો